# સુરત મહાનગરપાલિકા

---

# નગર નિયોજન સમિતિ

---

# સુ ચ ના

---

સુરત મહાનગરપાલિકાની **નગર નિયોજન સમિતિની** એક સભા **તા.૨૭–૪–૨૦૨૩** ના રોજ **સવારના ૧૧–૩૦** કલાકે મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભાખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારુ મળશે.

૦૧. મ્યુ.ક.શ્રીનો તા.૧૩–૨–૨૦૨૩ નો પત્ર, નામ.ગુજરાત હાઈકોર્ટના તા.૮–૯–૨૦૨૨ ના ઓરલ ઓર્ડરને આધિન અરજદારશ્રી યોગેશભાઈ બાબુભાઈ બોઘરાની તા.૧૯–૯–૨૦૨૨ ની રજુઆત તથા તમામ પાસા ધ્યાને લઈ ફાઈલના પત્ર વ્ય.વિ. પાના નં.૪૨૫ પર સામેલ નકશામાં ભૂરા રંગની હદથી દર્શાવેલ ફાયનલ ટી.પી. સ્કીમ સુરત નં.૧૦(પાલ), ફા.પ્લોટ નં.૧૧૭ વાળી જમીનમાં વિકાસ યોજના–૨૦૩૫માં નિયત કરવામાં આવેલ "પબ્લીક પર્પઝ " ઝોનમાં ઝોનફેર કરી "રેસિડેન્શિયલ" ઝોનમાં નિયત કરવા અંગે તથા આ માટે ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ ની કલમ–૧૯ હેઠળ સુડાના વિકાસ નકશા–૨૦૩૫માં વેરીએશન કરવા નિર્ણય થવા તથા નિર્ણય થયેથી તે અંગે સુડા/સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત પાઠવવા/પત્ર વ્યવહાર કરવા સહિતની તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૦૨. મ્યુ.ક.શ્રીનો તા.૪–૩–૨૦૨૩ નો પત્ર, ફા.ટી.પી.સ્કીમ નં.૨૪(મોટાવરાછા–ઉત્રાણ) માં "સેલેબલ ફોર કોમર્શિયલ " ના હેતુ માટે ફાળવેલ અનામત અંતિમખંડ નં.૧૯૩(આર–૪૨) નો હેતુફેર કરી "સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રકચર" ના હેતુ માટે નિયત કરવા અંગે યોગ્ય નિર્ણય લેવા તથા સદર ફેરફાર કરવા માટે ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ ની કલમ–૭૧ ની જોગવાઈઓ હેઠળ ફા.ટી.પી.સ્કીમ નં.૨૪(મોટાવરાછા–ઉત્રાણ) માં વેરીએશન કરવા અંગે યોગ્ય નિર્ણય લેવા તથા સદર વેરીએશન કરવા માટે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજયનો જરૂરી પરામર્શ મેળવવા તથા સરકારશ્રી સાથે પત્ર વ્યવહાર કરવા સહિતની આગળની તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૩. મ્યુ.ક.શ્રીનો તા.૨૦–૩–૨૦૨૩ નો પત્ર, ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ ની કલમ–૪૮(૧) ની જોગવાઈઓ મુજબ ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૩૭(વરીયાવ) (ફર્સ્ટ વેરીડ) ને નામ.સરકારશ્રીની મંજુરી અર્થે સાદર કરવા અંગે યોગ્ય નિર્ણય લેવા તથા તેને આનુસાંગિક જરૂરી કાર્યવાહી/પત્ર વ્યવહાર કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવા બાબત.

૨...

૦૪. મ્યુ.ક.શ્રીનો તા.૨૪–૩–૨૦૨૩ નો પત્ર, ફાયનલ ટી.પી.સ્કીમ નં.૯ (પાલનપોર–ભેંસાણ) માં ફા.પ્લોટ નં.૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦ વાળી ખાનગી જમીનો તથા એપ્રોપીએટ ઓથોરીટી સુરત મહાનગરપાલિકાને જાહેર હેતુ માટે ફાળવેલ અનામત અંતિમ ખંડ નં. ૧૫૪, ૧૫૬પૈકી, ૧૬૬, ૧૬૯, ૧૭૧, ૧૭૩, ૧૭૮ પૈકી, ૧૭૨ પૈકી, ૧૭૦ પૈકી તથા ૧૫૮ જમીનોના પરસ્પર સ્થાનફેર, આયોજન/પુનઃરચનામાં ફેરફાર કરવા તથા સુચિત વેરીએશન મુજબના અનામત અંતિમ ખંડ નં.૧૫૪, ૧૫૬/બી, ૧૬૬, ૧૬૯, ૧૭૧, ૧૭૩, ૧૭૮/બી, ૧૭૨/બી, ૧૭૨/સી, ૧૭૦/બી તથા ૧૫૮ ને "સ્ટેડીયમ/સોશિયલ ઈન્ફ્રા." ના જાહેર હેતુ માટે તથા અનામત અંતિમખંડ નં.૧૭૦/એ, ૧૭૨/એ તથા ૧૭૮/એ ને સોશિયલ ઈન્ફ્રા. ના જાહેર હેતુ માટે હેતુફેર કરવા અંગે યોગ્ય નિર્ણય થવા તથા સદર ફેરફાર કરવા માટે ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ–૧૯૭૬ ની કલમ–૭૧ ની જોગવાઈઓ હેઠળ ફાયનલ ટી.પી.સ્કીમ નં.૯(પાલનપોર–ભેંસાણ) માં વેરીએશન કરવા અંગે યોગ્ય નિર્ણય થવા તથા સદર વેરીએશન કરવા માટે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજયનો જરૂરી પરામર્શ મેળવવા તથા સરકારશ્રી સાથે પત્ર વ્યવહાર કરવા સહિતની આગળની તમામ આનુસાંગિક કાર્યવાહી માટે મ્યુ.કમિશ્નરને અધિકૃત કરવા અંગે યોગ્ય નિર્ણય થવા બાબત.

આ દે શ થી,

૨૧.૨.૫ટેલ

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૨૪–૪–૨૦૨૩.

*UDT*